મતદારયાદીનો ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ૨૦૨૬ માટે નિયુક્ત બુથ લેવલ અધિકારી તથા બી.એલ.ઓ. સુપરવાઇઝરને ચૂકવવાના ખાસ ભથ્થાં બાબત.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ(ચૂંટણી પ્રભાગ)

ક્રમાંક: GAD/ELR/e-file/1/2025/4583/CHH Roll

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી

સચિવાલય, ગાંધીનગર

તારીખ: ઈ-સાઇન મુજબ

**વંચાણે લીધા:**
(૧) ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીનો તા.૨૪.૦૭.૨૦૨૫નો પત્ર ક્ર:23/BLO/2025-ERS
(૨)સામાન્ય વહીવટ વિભાગ(ચૂંટણી પ્રભાગ)નો તા.૦૩.૧૦.૨૦૨૫નો સમાનાંકી ઠરાવ
(૩) ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીનો તા.૦૩.૦૬.૨૦૨૫નો પત્ર ક્ર:23/BLO/2026-ERS

**આમુખ:-**

મતદારયાદીની સુધારણા કામગીરી માટે નિયુકત બુથ લેવલ અધિકારીઓ, બી.એલ.ઓ. સુપરવાઇઝરો, મતદાર નોંધણી અધિકારીઓ, મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓને ચૂકવવાના માનદ વેતનના દરો તથા ખાસ ભથ્થાં વંચાણે લીધેલા ક્રમાંક (૨)ના ઠરાવથી નકકી કરવામાં આવેલા છે. જેમાં મતદારયાદીની સુધારણા કાર્યક્રમની ખાસ ડ્રાઇવ માટે બુથ લેવલ અધિકારીઓશ્રીઓને રૂ.૨૦૦૦/-નું ખાસ ભથ્થું નિયત થયેલ છે.

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા વંચાણે લીધેલા ક્રમાંક (૩)ના પત્રથી મતદારયાદીનો ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ૨૦૨૬ દરમિયાનની કામગીરીમાં સામેલ બુથ લેવલ અધિકારી ઉપરાંત બી.એલ.ઓ. સુપરવાઇઝરને એક વખતનું રૂ.૬૦૦૦/-નું ખાસ ભથ્થું આપવા માટે સૂચના આપવામાં આવેલી છે.

ઉપર્યુકત વિગતો ધ્યાનમાં લઇને મતદારયાદી અદ્યતન, ક્ષતિરહિત અને વિશ્વસનીય બને તે માટે મતદારયાદીનો ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ૨૦૨૬ માટે નિયુકત થયેલ બુથ લેવલ અધિકારીઓ તથા બી.એલ.ઓ. સુપરવાઇઝરો દ્વારા કરવામાં આવતી કામગીરીના સંદર્ભમાં વાર્ષિક માનદ વેતન ઉપરાંત એક વખતનું ખાસ ભથ્થું આપવાની બાબત વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણાના અંતે, આથી, નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:-**

૧) વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના ઠરાવ મુજબ, મતદારયાદીનો ખાસ સુધારણા કાર્યક્રમ ૨૦૨૬ દરમિયાન નિયુક્ત બુથ લેવલ અધિકારીઓને (બી.એલ.ઓ.) રૂ.૨૦૦૦/-નું ખાસ ભથ્થું ચૂકવવામાં આવેલ હોવાથી, હવે બી.એલ.ઓ. તથા બી.એલ.ઓ. સુપરવાઇઝરોને **મતદારયાદીનો ખાસ સુધારણા કાર્યક્રમ ૨૦૨૬** દરમિયાન કરેલ કામગીરી માટે નીચે મુજબનું **એક વખતનું ખાસ ભથ્થું** ચૂકવવાનું રહેશે.

**બી.એલ.ઓ. : રૂ. ૪,૦૦૦/-**

**બી.એલ.ઓ. સુપરવાઇઝર: રૂ. ૬,૦૦૦/-**

૨) ઉપર મુજબ નિયત કરવામાં આવેલ ખાસ ભથ્થાંની ચુકવણી કરતી વખતે નીચે મુજબની શરતોનું અચૂકપણે કરવાનું રહેશે.

ક. ઉપરોક્ત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને વાર્ષિક માનદ વેતન પેટે મળવાપાત્ર કુલ રકમ એક-સાથે ચૂકવવાની રહેશે.

ખ. ખાસ સઘન સુધારણા દરમિયાન જે બુથ લેવલ અધિકારી/બી.એલ.ઓ. સુપરવાઈઝરોની નિમણૂંક થયેલ હશે, તેને જ ઉપર મુજબનું ખાસ ભથ્થું ચૂકવવાનું રહેશે.

ગ. બુથ લેવલ અધિકારીઓ તથા બી.એલ.ઓ. સુપરવાઈઝરો દ્વારા ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીની તેમજ આ વિભાગ દ્વારા વખતો વખત આપવામાં આવેલી સૂચના અનુસાર કામગીરી કરવાની રહેશે. મદદનીશ મતદાર નોંધણી અધિકારી દ્વારા ઉક્ત અધિકારી/કર્મચારીશ્રીઓની કામગીરીની સમિક્ષા કરીને તેમના દ્વારા કરાયેલ કામગીરી ભારતના ચૂંટણી પંચની સૂચના-ધોરણો અનુસારની જણાય તો જ બુથ લેવલ અધિકારી/સુપરવાઈઝરને ખાસ ભથ્થાંની ચૂકવણી કરવાની રહેશે.

ઘ. સંજોગોવશાત, ખાસ સઘન સુધારણા કાર્યક્રમ દરમ્યાન જો કોઇ અધિકારી/કર્મચારીશ્રીઓને ફરજમુકત કરવામાં/બદલવામાં આવેલ હોય. તો તે કિસ્સામાં તેમણે બજાવેલ ફરજોના દિવસોના અનુસંધાને તેમને પ્રમાણસર (proportionate) ચૂકવણી કરવાની રહેશે.

૩) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૩૧-ચૂંટણી, મુખ્ય સદર : ૨૦૧૫- ચૂંટણીઓ, ગૌણ સદર:૧૦૩- મતદારયાદીઓ તૈયાર કરવી અને છપાવવી, પેટા સદર: ૦૩- મતદારયાદીઓની સંક્ષિપ્ત સુધારણા સદર હેઠળ ઉધારવાનો રહેશે.

૪) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૩.૦૭.૨૦૨૬ તથા રાજ્ય સરકારની તા.૧૦.૦૮.૨૦૨૬ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. કે. વ્યાસ)
ઉપ સચિવ
મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી
ગુજરાત રાજ્ય

પ્રતિ,

- Øસર્વે કલેક્ટરશ્રી અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- Øસર્વે મતદાર નોંધણી અધિકારીઓ/સર્વે મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ.
- Øએકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- Øતમામ જિલ્લા તિજોરી કચેરીઓ.
- Øપગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
- Øનાણા વિભાગ, ચ-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- Øસિલેકટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Kirit K Vyas
Under Secretary
Date:2026.08.17
13:55:28 +5:30